ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૦૧ તા. ૨૩.૦૬.૨૦૧૮

---------------------

**ગુજરાત ભાજપા સરકારની ખેડૂતોના હિતમાં "સૂર્યશક્તિ કિસાન યોજના" SKY ને આવકારતા પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણી**

---------------------

**વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીના વર્ષ ૨૦૨૨ સુધી ખેડૂતોની આવક બમણી કરવાના સંકલ્પમાં ગુજરાત સરકારનું આગવું કદમ**

---------------------

**નર્મદા યોજના વિશે નકારાત્મક વાતો કરતી કોંગ્રેસ એવુ કહેતી હતી કે પાઇપના ભૂંગડામાં હવા આવશે પરંતુ આજે મારે કોંગ્રેસને કહેવું છે કે, એ જ પાઇપલાઇન થકી ૧૦,૦૦૦ થી વધુ ગામોમાં અમે પાણી પહોચાડ્યુ છે – શ્રી જીતુભાઇ વાઘાણી**

---------------------

**ગુજરાતમાં જ્યોતિગ્રામ યોજના થકી આપણે અવિરત પણે વિજપ્રવાહ આપવામાં સફળ રહ્યા છીએ – શ્રી જીતુભાઇ વાઘાણી**

---------------------

**આજે દેશના વિવિધ રાજ્યો અને કોંગ્રેસ શાસિત રાજ્યોના નેતાઓ ગુજરાતમાં ૨૪ કલાક વિજળીના મોડેલને અનુસરે છે. જ્યોતિગ્રામ યોજનાને અનુસરે છે – શ્રી જીતુભાઇ વાઘાણી**

---------------------

**કોંગ્રેસ એવા આક્ષેપ કરતી હતી કે, સાબરમતી નદીમાં પાણી પહોચાડવું અશક્ય છે, સાબરમતી નદી પર રીવરફ્રન્ટ બનાવવો અશક્ય છે. પરંતુ વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીની દિર્ઘ દ્રષ્ટિ, રાજકીય ઇચ્છાશક્તિ અને પ્રજાલક્ષી અભિગમને કારણે આજે એ શક્ય બન્યુ છે અને સાબરમતી નદીમાં નર્મદાના નીર વહેતા થયા છે – શ્રી જીતુભાઇ વાઘાણી**

---------------------

**સૌની યોજના વખતે પણ આ જ કોંગ્રેસ એલફેલ નિવેદનો કરતી હતી અને આજે સમગ્ર સૌરાષ્ટ્ર સૌની યોજના થકી પાણીદાર બન્યુ છે, ખેડૂતો સમૃધ્ધિના પંથે આગળ વધ્યા છે – શ્રી જીતુભાઇ વાઘાણી**

---------------------

આજરોજ ગુજરાત રાજ્ય ભાજપા સરકારના યશસ્વી મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ ખેડૂતોના હિતમાં "સૂર્યશક્તિ કિસાન યોજના" SKY ની જાહેરાત કરી હતી. ખેડૂતોની આવકને વર્ષ ૨૦૨૨ સુધી બમણી કરવાના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીના સંકલ્પમાં ગુજરાત સરકારના આગવા કદમને પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણીએ ખેડૂતલક્ષી જાહેરાત બદલ મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલને ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા હતા.

//૨//

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org



શ્રી વાઘાણીએ વધુમાં જણાવ્યુ હતુ કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વવાળી કેન્દ્ર સરકાર અને મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીના નેતૃત્વવાળી રાજ્ય સરકાર ખેડૂતોના દરેક પ્રશ્ને ખૂબ જ સંવેદનશીલ છે. ખેડૂતોની આવક બમણી કરવાના નિર્ધાર સામે આ એક આગવું કદમ છે. ગુજરાતમાં જ્યોતિગ્રામ યોજના થકી આપણે અવિરત પણે વિજપ્રવાહ આપવામાં સફળ રહ્યા છીએ. ગુજરાતનો ખેડૂત સમૃધ્ધ બન્યો છે. ટપક સિંચાઇ પધ્ધતિ, વૈજ્ઞાનિક ઢબે ખેતી, સોઇલ હેલ્થ કાર્ડ યોજના, ખેતીમાં ન્યુનતમ અભિગમના કારણે રાજ્યમાં ખેડૂત સમૃધ્ધ બન્યો છે. શાકભાજી, ફળફળાદિ, રોકડીયા પાકો અને રવિ ફસલમાં ખેડૂતોની આવકમાં વધારો થયો છે. સતત બે દાયકાથી ગુજરાતમાં કૃષિ વિકાસ દર બે આંકડામાં રહ્યો છે. કૃષિ મેળા થકી ખેડૂતો ખેતી કરવાની પધ્ધતિ, ખાતર વાપરવાની રીતો, બીયારણ અંગે માહિતી આપી છે.

કોંગ્રેસના આક્ષેપોનો સણસણતો જવાબ આપતા શ્રી વાઘાણીએ જણાવ્યુ હતુ કે, નર્મદા યોજના વિશે નકારાત્મક વાતો કરતી કોંગ્રેસ એવુ કહેતી હતી કે પાણીની પાઇપમાં હવા જ આવશે પરંતુ આજે મારે કોંગ્રેસને કહેવું છે કે, એ જ પાઇપલાઇન થકી ૧૦,૦૦૦ થી વધુ ગામોમાં અમે પાણી પહોચાડ્યુ છે. સુજલામ સુફલામ યોજના થકી અમે કચ્છ સુધી પાણી પહોચાડ્યુ છે. સૌની યોજનાના કારણે આજે ડેમો ભરાયા છે અને આગામી ચોમાસામાં વધુને વધુ ડેમો ભરાશે. કોંગ્રેસ એવા આક્ષેપ કરતી હતી કે, સાબરમતી નદીમાં પાણી પહોચાડવું અશક્ય છે, સાબરમતી નદી પર રીવરફ્રન્ટ બનાવવો અશક્ય છે. પરંતુ વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીની દિર્ઘ દ્રષ્ટિ, રાજકીય ઇચ્છાશક્તિ અને પ્રજાલક્ષી અભિગમને કારણે આજે એ શક્ય બન્યુ છે અને સાબરમતી નદીમાં નર્મદાના નીર વહેતા થયા છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે ૨૪ કલાક વીજળીની વાત કરતા હતા. ત્યારે કોંગ્રેસ કહેતી હતી કે, લોકોને સપના દેખાડવાનું બંધ કરો અને વિરોધ કરતી હતી. પરંતુ આજે દેશના વિવિધ રાજ્યો અને કોંગ્રેસ શાસિત રાજ્યોના નેતાઓ ગુજરાતમાં ૨૪ કલાક વિજળીના મોડેલને અનુસરે છે. જ્યોતિગ્રામ યોજનાને અનુસરે છે. આઝાદીના ૭૦ વર્ષે પણ ૧૮,૦૦૦ થી વધુ ગામડાઓમાં વિજળી પહોચાડવાનું કામ વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીએ કર્યુ છે. તે કોંગ્રેસને ખબર હોવી જોઇએ. ગુજરાતની વિધાનસભાની ચૂંટણીઓ પહેલા કોંગ્રેસ જુઠ્ઠાણા ફેલાવતી હતી અને અપપ્રચાર કરતી હતી કે ભાજપાની સરકાર ગુજરાતમાં નહી બને પરંતુ ગુજરાતની શાણી-સમજુ અને વિકાસપ્રિય પ્રજાએ છઠ્ઠી વખત ચૂંટીને ભાજપાને સેવા કરવાનો મોકો આપ્યો છે. ભાજપાએ દિવાસ્વપ્નો નથી બતાવ્યા પરંતુ હકીકતોને જમીન પર ઉતારી છે તે રાજ્યની જનતા સૂપેરે જાણે છે.

શ્રી વાઘાણીએ કોંગ્રેસની નિયતને ખારા ટોપરાની સાથે સરખાવતાં જણાવ્યું હતુ કે, સૌની યોજના વખતે પણ આ જ કોંગ્રેસ એલફેલ નિવેદનો કરતી હતી અને આજે સમગ્ર સૌરાષ્ટ્ર સૌની યોજના થકી પાણીદાર બન્યુ છે, ખેડૂતો સમૃધ્ધિના પંથે આગળ વધ્યા છે. કોંગ્રેસનું કામ જ ભાજપાની યોજનાઓને ભાંડવાનું છે. "સુજલામ સુફલામ જળસંચય યોજના" ને સમગ્ર રાજ્યના લોકોએ તથા નેતાઓએ જનભાગીદારીથી વધાવી લીધી જ્યારે કોંગ્રેસના પોતાના વિસ્તારમાં જઇને કો આ યોજનામાં જોડાવવું હતું પરંતુ માત્રને માત્ર મલીન રાજનીતિ જ કોંગ્રેસના રગરગમાં સમાઇ ગઇ છે. તેમને જનતાના લોકકલ્યાણના કાર્યોમાં રસ રહ્યો નથી. સત્તાની સાંઠમારીમાંથી જ કોંગ્રેસ ઉંચી આવતી નથી.

(ડૉ. હર્ષદ પટેલ)
પ્રદેશ કન્વીનર - મીડિયા વિભાગ

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૦૨ તા.૨૩.૦૬.૨૦૧૮

---

**ડૉ. શ્યામા પ્રસાદ મુખર્જીના બલીદાનને ક્યારેય નહી ભુલી શકાય – શ્રી જીતુભાઇ વાઘાણી**

---

**રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઇ શાહ બે દિવસીય ગુજરાતના પ્રવાસે**

---

**તારીખ ૨૬ જૂનના રોજ રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઇ શાહની વિશેષ ઉપસ્થિતિમાં મિસા બંધૂઓનું સન્માન**

---

**તારીખ ૨૪ જૂન વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીની "મન કી બાત"નું શક્તિકેન્દ્ર સઃ શ્રવણ**

---

**તારીખ ૨૪ – ૨૫ જૂન બે દિવસીય ભાજપા "ચિંતન શિબિર"નું આવતી કાલે ૧૦.૦૦ કલાકે પ્રારંભ**

---

**ભાજપાનું પ્રદેશ નેતૃત્વ વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીની "મન કી બાત" નું શ્રવણ કરશે**

---

સૌના આદર્શ એવા ડૉ. શ્યામાપ્રસાદ મુખર્જીની પુણ્યતિથિએ પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણીએ સ્મરણાંજલિ – શ્રધ્ધાંજલિ અર્પણ કરતા જણાવ્યુ હતુ કે, ડૉ. શ્યામાપ્રસાદ મુખર્જીનું બલીદાન એ ક્યારેય ભુલી શકશે નહી. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વમાં શ્રી મુખર્જીના વિચારો સાકાર થશે. સમગ્ર રાજ્યમાં ડૉ. શ્યામાપ્રસાદ મુખર્જીના જીવનકવન વિશે ચર્ચા-સંવાદ યોજાયો હતો અને પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી.

શ્રી વાઘાણીએ વધુમાં જણાવ્યુ હતુ કે, આવતીકાલે ૨૪ જૂનના રોજ વિશ્વના સર્વ સ્વિકૃત નેતા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીની "મન કી બાત"નું શક્તિકેન્દ્ર સઃ સમુહમાં શ્રવણ થશે. તારીખ ૨૪ અને ૨૫ જૂનના રોજ યોજાનાર ગુજરાત પ્રદેશ ભાજપા ચિંતન શિબિરનો પ્રારંભ આવતીકાલે સવારે ૧૦.૦૦ કલાકે એસ.જી.વી.પી. ગુરુકુળ, અમદાવાદ ખાતે થશે. ગુજરાત પ્રદેશનું નેતૃત્વ વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીની મન કી બાતનું શ્રવણ ચિંતન શિબિરના શુભારંભ પ્રસંગે કરશે. રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઇ શાહ વિશેષરૂપે ૨૫મી તારીખે ચિંતન શિબિરમાં ઉપસ્થિત રહી સૌ કાર્યકર્તાઓને માર્ગદર્શન આપશે. રાષ્ટ્રીય મહામંત્રી અને પ્રદેશ પ્રભારીશ્રી ભૂપેન્દ્રજી યાદવ તેમજ રાષ્ટ્રીય સહસંગઠન મહામંત્રીશ્રી વી. સતીષજી તારીખ ૨૪ જૂનથી ચિંતન શિબિરમાં વિશેષરૂપે ઉપસ્થિત રહેશે. માન્ય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી, નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ, કેન્દ્રિય મંત્રીશ્રીઓ અને પ્રદેશનું શીર્ષસ્થ નેતૃત્વ બે દિવસ ચાલનાર ચિંતન શિબિરમાં ઉપસ્થિત રહેશે.

શ્રી વાઘાણીએ વધુમાં જણાવ્યું હતુ કે, લોકશાહીના કટોકટીના કાળાદિવસ અને લોકશાહી બચાવો દિવસની ઉજવણી દેશ અને ગુજરાતમાં જનજાગૃતિ ફેલાવવાના ભાગરૂપે તેમજ કોંગ્રેસે ગુજારેલ નિર્દોષ લોકો પર અત્યાચારના પ્રતિકાત્મકરૂપે તારીખ ૨૫ અને ૨૬ જૂનના રોજ ઉજવણી કરાશે. રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઇ શાહના બે દિવસીય ગુજરાતના પ્રવાસ અંતર્ગત ૨૬મી જૂનના રોજ સાંજે ૪.૩૦ કલાકે દિનેશ હોલ, અમદાવાદ ખાતે મિસાબંધૂઓનો સંપર્ક-સન્માનના વિશેષ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે અને તારીખ ૨૬મી જૂનના રોજ સવારે દિવ, દમણ, દાદરા-નગરહવેલી, સેલવાસ લોકસભાની બેઠકોના કાર્યકર્તાઓની બેઠક થશે. માન. અધ્યક્ષશ્રી અમિતભાઇ શાહ તારીખ ૨૪ જૂનના રોજ રાત્રે ૧૧.૦૦ કલાકે અમદાવાદ ખાતે પહોચશે.

(ડૉ. હર્ષદ પટેલ)
પ્રદેશ કન્વીનર - મીડિયા વિભાગ